# મુખ્યમમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના

- ગુજરાત રાજ્યના તમામ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના તા.૪/૯/૨૦૧૨થી અમલમાં મુકેલ.
- રાજ્ય સરકારે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો વ્યાપ વધારી મધ્યમ વર્ગના પરિવારો (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ) માટે મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજના તા. ૧૫/૦૮/૨૦૧૪ અમલી કરેલ.







- કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ રૂ. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની કેશલેસ સારવાર.
- પ્રાથમિક, સેકન્ડરી તેમજ ટર્શરી બિમારોની કુલ- ૧ ,૮૦૭ જેટલી નિયત કરેલ પ્રોસીજર માટે ઉત્તમ પ્રકારની કેશલેસ સારવાર.

**યોજનાનો હેતુ: -**

- યોજના હેઠળ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને મધ્યમવર્ગીય પરિવારો પોતાની પસંદગી વાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે.



લાભાર્થીઓ:-

- "મા" યોજના: - ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો.
- "મા વાત્સલ્ય" યોજના: -
  - ✓ વાર્ષિક રૂ. ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો
  - ✓ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો.
  - ✓ માન્ય પત્રકારો.
  - ✓ રાજ્ય સરકારના વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓ.
  - ✓ યુ-વીન કાર્ડ ધારકો.
  - ✓ વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનો.




"મા" અને "મા વાત્સલ્ય" કાર્ડ:-

- યોજના હેઠળ લાભાર્થીના કુંટુંબના દરેક સભ્યના ફોટો , બાયોમેટ્રિક અંગુઠાના નિશાનનો સમાવેશ હોય તેવું QR (Quick response) "મા" અને "મા વાત્સલ્ય" કાર્ડ આપવામાં આવે છે. "મા " કાર્ડ દ્વારા લાભાર્થીઓની યોગ્ય ઓળખ કરી શકાય છે અને ખોટા લાભાર્થીઓને ઓળખી તેને કાબુમાં રાખી શકાય છે.

- “મા” તથા “મા વાત્સલ્ય” યોજનાનુ કાર્ડ યોજના હેઠળ સ્થાપિત તાલુકા કિઓસ્ક/સીવીક સેન્ટર કિઓસ્ક પરથી મેળવી શકાય છે. નોંધણી માટે તાલુકા કક્ષાએ કિઓસ્ક તેમજ સીટી સિવીક કક્ષાએ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. તે મજ તમામ જીલ્લાઓમાં મોબાઇલ કિયોસ્ક થકી ગામેગામ બાકી રહી ગયેલ લાભાર્થીઓની નોંધણી કરવાનું આયોજન કરેલ છે.




- “મા વાત્સલ્ય” યોજના હેઠળ “મા વાત્સલ્ય” કાર્ડ કઢાવવું ફરજીયાત છે. જેના માટે નીચે જણાવેલ નિયત (અધિકૃત) અધિકારીઓ પૈકી ગમે તે એક અધિકારી પાસેથી રૂ. ૪.૦૦ લાખ કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવે છે તે પ્રમાણેનો આવકનો દાખલો લાભાર્થી પરિવારે મેળવવાનો રહે છે. જે ત્રણ વર્ષ સુધી ગ્રાહ્ય રાખેલ છે.
    - જિલ્લા કલેક્ટરશ્રી , જિલ્લા વિકાસ અધિકારી , નાયબ કલેક્ટરશ્રી/મદદનીશ કલેક્ટર/ પ્રાંત ઓફીસર , નાયબ જિલ્લા વિકાસ અધિકારી , તાલુકા મામલતદાર/ સીટી મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નાયબ મામલતદાર.

<u>યોજનાની માહિતી: -</u>

- યોજના હેઠળ લાભાર્થીઓ માટે હોસ્પિટલમાં રજીસ્ટ્રેલશન, કન્સ લ્ટોશન, નિદાન માટેના લેબોરેટરી રીપોર્ટ, સર્જરી, સર્જરી બાદની અનુવૃત્તિ સેવાઓ, દવાઓ, દાખલ ચાર્જ, દર્દીને ખોરાક, ફોલો-અપ, મુસાફરી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે, હોસ્પિટલ આ બધા માટે કોઇ જ ચાર્જ વસુલ કરી શકે નહી. આમ, “મા” અને “મા વાત્સલ્ય” યોજના હેઠળ લાભાર્થી તદ્દન મફત સારવાર મેળવી શકે છે.
- યોજના અંતર્ગત લાભાર્થીઓને મળેલ નિયત સારવારનો નિયત ખર્ચ માન્ય” હોસ્પિ“ટલને સીધો સરકારશ્રી ધ્વાારા આપવામાં આવે છે.

- “મા” કાર્ડ ધરાવતો લાભાર્થી યોજના સાથે જોડાયેલ સારી સુવિધા ધરાવતી હોસ્પિટલો માં જઇ ને લાભ લઇ શકે છે.

- યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિલટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે રૂ. ૩૦૦/- ચુકવવામાં આવે છે.





- **યોજના હેઠળ સંલગ્ન હોસ્પિટલ પાસે** NABH/JCI/ACHS or any other accreditation body approved by International society for Quality in Healthcare **નું પ્રમાણપત્ર હોય અને તેમાં રજીસ્ટર થયેલી હોય તેમને રાજ્ય ધ્વારા “મા” પેકેજ દરો કરતા ૧૦% વધારે ક્વોલિટિ ઇન્સેન્ટીવ આપવામાં આવે છે.**

- યોજનાના પ્રચાર પ્રસાર માટે પણ રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રયત્નો કરેલ છે , જેમાં યોજના હેઠળ મેગા હેલ્થ કેમ્પ , હેલ્થ કેમ્પ થયેલ છે તેમજ તમામ સરકારી હોસ્પિટલો તેમજ બસ સ્ટેશન ઉપર હોર્ડિંગ્સ લગાડવામાં આવેલ છે. અને રેડીયો , ટી.વી., ન્યુઝ પેપર, બસ પેનલ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.

- આશા બહેનોને બી.પી.એલ કુટુંબોની નોંધણી માટે રૂ. ૧૦૦/- રજીસ્ટ્રેશન દીઠ પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. આશા બહેનો/ લિંક વર્કર/ ઉષા બહેનોનો ઉત્સાહ વધારવા માટે મોબાઇલ કિઓસ્ક પરથી નીકળતા પ્રતિ કાર્ડ દીઠ રૂ. ૨/- આપવામાં આવે છે. લાભાર્થીઓને મુઝવણમાં માર્ગદર્શન પુરૂ પાડવા સારુ દરેક હોસ્પિટલોમાં આરોગ્ય મિત્રની નિમણુંક કરેલ છે.

## યોજનાની સિધ્ધિઓ:-

- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૨૦, સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ સ્માર્ટ ગવર્નન્સ ૨૦૧૪ માટે પ્રતિષ્ઠિત "પ્લેટિનમ સ્કોચ એવોર્ડ" આપવામાં આવેલ.
- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૧૩ , ડિસેમ્બર , ૨૦૧૪ ના રોજ પ્રતિષ્ઠિત "સીએસઆઇ - નીહીલન્ટ ઇ – પ્રશાસન" પુરસ્કાર આપવામાં આવેલ.
- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને જયપુરમાં હેલ્થકેર સમિત ૨૦૧૬માં "બેસ્ટ એફોર્ડેબલ હેલ્થકેર ઇનીશીયેટીવ"નો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.
- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૭ , જુન ,૨૦૧૭ના રોજ નવીનીકરણ અને અસરકારક ઇ-ગવર્નન્સ (Innovative, Impactful and Sustainable E-Governance) માટે ભારત સરકારનાં ઇલેકટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને મેક્સિમમ ગવર્નન્સ દ્વારા જ્યુરી ચોઇસ કેટેગરી હેઠળ "જેમ્સ ઓફ ડિઝીટલ ઇન્ડિયા" એવોર્ડ મળેલ છે.
- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૨૬,માર્ચ,૨૦૧૮ના રોજ ELETS દ્વારા "બેસ્ટ એક્સેસીબલ હેલ્થકેર ઇનીશીયેટીવ"નો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.
- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૨૫ ,ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ભારત સરકારનાં ટોપ રેન્કિંગ પોલીસ & ઇમજર્ન્સી સર્વિસ પ્રોજેક્ટ ઇન ઇન્ડિયા દ્વારા જ્યુરી ચોઇસ કેટેગરી હેઠળ "સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ " એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના ની વધુ જાણકારી મળી રહે તે માટે ટૉલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૨ તેમજ www.magujarat.com વેબસાઇટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.